પુટિને વિવાદાસ્પદ કુરીલ ટાપુઓની મુલાકાત લીધી: જાપાનનો વિરોધ

આ ટાપુ હરોળના દક્ષિણના ચાર ટાપુઓ પર જાપાન અને રશિયા બંનેનો દાવો છે

બીજા વિશ્વ યુદ્ધના અંતિમ દિવસોમાં આ ટાપુઓ રશિયાએ જાપાન પાસેથી પડાવી લીધા હોવાનો વિવાદ છે

મોસ્કો, તા. ૧૩(AP): રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરુવારે પ્રથમ વખત કુરિલ ટાપુઓની મુલાકાત લીધી હતી, જે રશિયાના નિયંત્રણ હેઠળની પેસિફિક ટાપુઓની શૃંખલા છે અને તેના પર જાપાન પણ પોતાનો દાવો કરે છે. તેમની આ મુલાકાત સામે ટોક્યો દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. પુતિને આ દ્વીપસમૂહના સૌથી દક્ષિણમાં આવેલા ટાપુઓ પૈકીના એક, ઈતુરુપ પર એક ફિશ પ્લાન્ટ, હોસ્પિટલ અને શાળાની મુલાકાત લીધી હતી. તેમણે સ્થાનિક રહેવાસીઓ સાથે ટૂંકી વાતચીત પણ કરી હતી અને રશિયાના સખાલીન ક્ષેત્રના ગવર્નર વેલેરી લિમારેન્કો સાથે બેઠક કરી હતી. જાપાન આ શૃંખલાના સૌથી દક્ષિણમાં આવેલા ચાર ટાપુઓ પર પોતાના પ્રાદેશિક અધિકારો હોવાનો દાવો કરે છે, જેને તે 'ઉત્તરીય પ્રદેશો' તરીકે ઓળખાવે છે. બીજા વિશ્વયુદ્ધના અંતિમ દિવસોમાં સોવિયત યુનિયને જાપાન પાસેથી આ ટાપુઓ પડાવી લીધા હતા, અને આ વિવાદને કારણે બંને દેશો વચ્ચે તેમના યુદ્ધનો સત્તાવાર અંત લાવતી શાંતિ સંધિ પર હસ્તાક્ષર થઈ શક્યા નથી. દાયકાઓથી ચાલી રહેલા રાજદ્વારી પ્રયાસો છતાં આ વિવાદના ઉકેલ માટે કોઈ દેખીતું પરિણામ આવ્યું નથી. મોસ્કોએ વિવાદમાં પોતાનું મક્કમ વલણ દર્શાવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં કુરિલ ટાપુઓ પર પોતાની સૈન્ય હાજરી પણ મજબૂત કરી છે. જાપાનના વિદેશ મંત્રી તોશિમીત્સુ મોતેગીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમનો દેશ પુતિનની ઈતુરુપ મુલાકાતનો સખત વિરોધ કરે છે, જેને જાપાન એટારોફુ કહે છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં જ્યારે રશિયાના વડાપ્રધાન મિખાઈલ મિશુસ્તિને ઈતુરુપની મુલાકાત લીધી હતી ત્યારે પણ જાપાને વિરોધ નોંધાવ્યો હતો.

યુરોપભરમાં આકાશમાં સર્જાયું અદ્‌ભૂત સૂર્યગ્રહણ!

સૂર્યગ્રહણ જોવા આખું યુરોપ આકાશ તરફ: કાળા ચશ્મા પહેરીને લાખો લોકોએ નજારો માણ્યો

લંડન, તા. ૧૩: બુધવારે યુરોપભરના લાખો લોકોએ આ સદીમાં એકાદ વાર જ જોવા મળતા દુર્લભ સૂર્યગ્રહણના સાક્ષી બનવા માટે આકાશ તરફ નજર માંડી હતી.

બુધવારે સ્થાનિક સમય મુજબ બપોરના સુમારે રશિયાના સાઇબિરીયાથી આ દુર્લભ ગ્રહણની શરૂઆત થઈ હતી, જ્યાં ચંદ્ર ધીમે-ધીમે સૂર્યની સામે આવવા લાગ્યો હતો. ત્યારબાદ તે સાંજે લગભગ ૪:૩૦ વાગ્યે અમેરિકાના અલાસ્કામાં પહોંચ્યું હતું, અને ત્યાંથી ગ્રીનલેન્ડ થઈને યુરોપ તરફ આગળ વધ્યું હતું, જ્યાં હજારો ઉત્સુક દર્શકો આ અદ્‌ભુત ખગોળીય ઘટનાને જોવા માટે તૈયાર બેઠા હતા. ઘણા સ્થળે લોકો સૂર્યગ્રહણનો નજારો જોવા ખાસ કાળા ચશ્મા પહેરીને આકાશ તરફ મીટ માંડી રહ્યા હતા. સ્પેનના કેટેલોનિયામાં તો કેટલાક સ્થળે ભારે ભીડ ભેગી થઇ હતી અને પોલીસ બંદોબસ્ત રાખવો પડ્યો હતો. ખાસ સ્થળેથી ગ્રહણ જોવા માટે કેટલાક લોકોએ મોટી રકમ ચુકવી હોવાનું પણ જાણવા મળે છે. 'એમએસ સ્પિટ્સબર્ગન' સહેલાણી જહાજના કેપ્ટન સ્વેરે રુડે પૂર્વ ગ્રીનલેન્ડના રાઈપફજોર્ડના દરિયામાં પોતાના જહાજને એવી રીતે ફેરવ્યું જેથી તેમના ૧૨૬ મુસાફરો આ નજારાને બિલકુલ યોગ્ય જગ્યાએથી નિહાળી શકે. બુધવારે આખો દિવસ લોકો કેપ્ટન રુડ પાસે આવીને પૂછતા રહ્યા કે શું તેમણે ગ્રહણ જોવા માટે સાચી જગ્યા નક્કી કરી લીધી છે કે નહીં - કારણ કે જો ગ્રહણ જોવું હોય તો આકાશમાં વાદળો બિલકુલ ન હોવા જોઈએ.

અમેરિકાના અનેક રાજ્યો ૧૫મી ઓગસ્ટને 'ઈન્ડિયા ડે' જાહેર કરી રહ્યા છે

ન્યૂયોર્ક, ન્યૂજર્સી અને મેસેચ્યુસેટ્સ પછી ડેલાવેર રાજ્યએ પણ આ માટેનું જાહેરનામુ બહાર પાડ્યું

અમેરિકી સમાજમાં ભારતીય સમુદાયના વધતા પ્રદાનનું પ્રતિબિંબ

ન્યૂયોર્ક, તા. ૧૩(PTI): ભારતની સ્વતંત્રતાની ઉજવણી કરવા ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના દિવસને 'ઈન્ડિયા ડે' તરીકે ઉજવવા માટે અમેરિકાના વિવિધ રાજ્યો વિશેષ ઘોષણાપત્રો જાહેર કરી રહ્યા છે, જે દેશનો વારસો, વિવિધતાને પ્રદર્શિત કરે છે જ્યારે અમેરિકી સમાજમાં ભારતીય સમુદાયનો ફાળો વધી રહ્યો છે.

ડેલાવેર એ ન્યૂયોર્ક, ન્યૂજર્સી અને મેસેચ્યુસેટ્સ પછી ભારતની સ્વતંત્રતા દિવસના અવસરે આવું ઘોષણાપત્ર બહાર પાડનારું અમેરિકાનું નવું રાજ્ય બન્યું છે, જેણે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ને 'ઈન્ડિયા ડે' તરીકે જાહેર કર્યું છે. ડેલાવેરના ગવર્નર મેથ્યુ મેયર દ્વારા હસ્તાક્ષર કરાયેલા આ ઘોષણાપત્રમાં નોંધવામાં આવ્યું છે કે, આ અમેરિકન રાજ્ય તેના સમુદાયોમાં જોવા મળતી અનેક સંસ્કૃતિઓ અને પરંપરાઓથી "મજબૂત" બન્યું છે, જેમાં સતત વધી રહેલા ભારતીય-અમેરિકન સમુદાયનો પણ સમાવેશ થાય છે, જેની હાજરીએ આ રાજ્યના સ્વરૂપને ઘડવામાં મદદ કરી છે. ઘોષણાપત્રમાં જણાવાયું છે કે, "ભારતીય વારસો ધરાવતા ડેલવેરના નાગરિકોએ સમગ્ર ડેલવેરના સમુદાયોમાં તેમના કાર્ય, નેતૃત્વ અને સેવા દ્વારા આપણા રાજ્યને સમૃદ્ધ બનાવ્યું છે, આપણી સહિયારી સમૃદ્ધિમાં યોગદાન આપ્યું છે અને ભાવી પેઢીઓ માટે તકોનું નિર્માણ કર્યું છે."

આના એક દિવસ અગાઉ, ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલ અને ન્યૂજર્સીના ગવર્નર મિકી શેરિલે સમગ્ર રાજ્યમાં ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ને 'ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ ડે' તરીકે માન્યતા આપતું ઘોષણાપત્ર બહાર પાડ્યું હતું. દર વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ વોશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસ તેમજ વાણિજ્ય દૂતાવાસો અને યુએન (UN) ખાતેના ભારતીય મિશનમાં ધ્વજવંદન સમારોહ, પરેડ, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ અને વિશેષ કાર્યક્રમો ભારતના સ્વતંત્રતા દિવસ નિમિત્તે અમેરિકાના વિવિધ રાજ્યો અને શહેરોમાં યોજાય છે. ભારતીય-અમેરિકન અને પ્રવાસી સમુદાયના સભ્યો આ વિશેષ કાર્યક્રમોમાં ભાગ લેવા અને તેમના વતનના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

અમેરિકાના ICE અધિકારીઓને અપાશે 'ઇલેક્ટ્રિક ગ્લોઝ'

શકમંદોને સેકન્ડોમાં જ વાગશે 380V નો ઝટકો

આ યોજના પાછળ બે કરોડ ડોલરનો ખર્ચ થવાનો અંદાજ

વૉશિંગ્ટન, તા. ૧૩: અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(ICE)ના અધિકારીઓને શકમંદ વ્યક્તિઓને શક્તિશાળી વીજળીનો ઝટકો આપી શકે તેવા ગ્લોઝ પૂરા પાડવામાં આવશે.

આ મોજાં એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે તે સેકન્ડોમાં જ વ્યક્તિને પીડા આપી શકે અને તેની પ્રતિક્રિયા આપવાની ક્ષમતાને નબળી પાડી શકે. 'ધ ગ્લોવ' (GLOVE - જનરેટેડ લો આઉટપુટ વોલ્ટેજ એમિટર) તરીકે ઓળખાતા આ ઉપકરણો ત્યાં સુધી સામાન્ય પેટ્રોલિંગ મોજાં જેવા જ રહેશે, જ્યાં સુધી કોઈ અધિકારી તેને સક્રિય કરવા માટે એક બટન નહીં દબાવે. તે વ્યક્તિને પીડા આપતો વોલ્ટેજ પસાર કરવા માટે કોઈની ત્વચા સાથે સીધા સંપર્કમાં હોવા જોઈએ, જેનો હેતુ શોક લાગનાર વ્યક્તિને લાચાર બનાવવાનો છે. આ મોજાંની યોજનાના અમલીકરણ પાછળ બે કરોડ ડોલર સુધીનો ખર્ચ થઈ શકે છે, જે લોકોને પકડવા માટે ICE દ્વારા ઉપયોગમાં લેવાતી આક્રમક રણનીતિઓ સામે થયેલી તીવ્ર ટીકાઓ વચ્ચે સામે આવ્યું છે. આ મોજાં 380v સુધીની વીજળીનો આંચકો આપી શકે છે જે અમેરિકામાં વીજળીના સામાન્ય પ્લગ હોલ્ડરમાંથી લાગતા આંચકા કરતા ત્રણ ગણો છે.

સ્વતંત્ર દિનની ઉજવણીના આમંત્રણ કાર્ડ પર સેવા તીર્થ બિલ્ડિંગ, ધર્મચક્રની છબીઓ

બેઠક વ્યવસ્થાના એનક્લોઝર્સના નામ ભારતના મોટા સરોવરોના નામ પરથી રખાયા

નવી દિલ્હી, ૧૩(પીટીઆઈ): લાલ કિલ્લા પર યોજાનારા ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના આમંત્રણ પત્રોમાં નવનિર્મિત 'સેવા તીર્થ' સંકુલને પ્રમુખતાથી દર્શાવવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન કાર્યાલય(PMO), રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય આવેલ છે. આ સંકુલનું ઉદઘાટન વડાપ્રધાન મોદીએ ફેબ્રુઆરીમાં કર્યું હતું. આમંત્રણ પત્રો પર 'ધર્મ ચક્ર' પણ ચિત્રિત કરવામાં આવ્યું છે, જે ન્યાયી ફરજ અને સતત નિઃસ્વાર્થ ક્રિયાની શાશ્વત ગતિશીલતાનું પ્રતીક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૫ ઓગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા સંકુલથી આ ઉજવણીનું નેતૃત્વ કરશે. સંરક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા બહુ-પૃષ્ઠીય ઈ-આમંત્રણ પત્રોની મધ્યમાં 'સેવા તીર્થ' સંકુલની છાયાછબી, ઉપરના જમણા ખૂણામાં 'ધર્મ ચક્ર'નું પ્રતીક અને ઉપરના ડાબા ખૂણામાં બેઠક વ્યવસ્થાના એન્ક્લોઝરનું નામ, મૂળભૂત ફરજોની સૂચિ અને 'વંદે માતરમ'ની સંપૂર્ણ છ કડીઓ અંગ્રેજી અને હિન્દીમાં સામેલ છે. તેના અન્ય એક પૃષ્ઠ પર ત્રણ QR કોડનો સેટ છે